# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૭ તા.૨૯-૬-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા.૩૦ મી જૂનના રોજ બાયસેગ દ્વારા પ્રસારિત થનાર કાર્યક્રમ નિહાળવા બાબત.
**''ઓરી રૂબેલા રસીકરણ'' અભિયાન**

સંદર્ભ :- ક્રમાંક પ્રાશિનિ/સંકલન/રસીકરણ/૨૦૧૮/૩૪૧૧-૯૭ તા.૨૯-૬-૧૮નો પત્ર.

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં ૨૦૨૦ સુધી ઓરીનું નિવારણ અને રૂબેલાનું નિયંત્રણ લાવવાના હેતુથી ઓરી રૂબેલા રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. ''ઓરી રૂબેલા રસીકરણ'' અભિયાનને સફળ બનાવવા માટે રાજ્યકક્ષાએ તા.૩૦ મી જૂન ૨૦૧૮ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે બાયસેગ સેટકોમનું આયોજન કરવામાં આવેલ છે, જે તમામ મ્યુનિ.શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ બાયસેગ દ્વારા આ કાર્યક્રમ નિહાળવાનો રહેશે. આ સાથે સંદર્ભિત પત્ર સામેલ છે.

તા.૨૯-૦૬-૨૦૧૮

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/રસીકરણ/૨૦૧૮/૩૪૬૬-૯૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૯/૦૬/૨૦૧૮

પ્રતિ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- તા. ૩૦મી, જુન ૨૦૧૮ ના રોજ બાયસેગ દ્વારા પ્રસારિત થનાર કાર્યક્રમ નિહાળવા બાબત.
**"ઓરી રૂબેલા રસીકરણ અભિયાન"**

સંદર્ભઃ- કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ૨૦૧૮-૧૯/રસીકરણ/૪૮૯ તા.૨૮/૦૬/૨૦૧૮

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં ૨૦૨૦ સુધી ઓરીનુ નિવારણ અને રૂબેલાનુ નિયંત્રણ લાવવાના હેતુથી ઓરી રૂબેલા રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. ગુજરાત રાજ્યમાં આ અભિયાનની શરૂઆત તા. ૧૬ મી જુલાઈ, ૨૦૧૮ થી કરવામાં આવનાર છે.

આ અભિયાન અંતર્ગત રાજ્યમાં ૯ માસથી ૧૫ વર્ષ સુધીના આશરે ૧.૮ કરોડ બાળકોને આ રસી હાથના જમણા બાવળામાં આપવામાં આવનાર છે. જેમાં તમામ સરકારી અને ખાનગી શાળાઓના ૧.૨૬ કરોડ બાળકો, આંગણવાડીના ૩૬ લાખ બાળકો અને આઉટરીચ સેશનના ૧૮ લાખ બાળકોને આવરી લેવામાં આવશે.

"ઓરી રૂબેલા રસીકરણ" અભિયાનને સફળ બનાવવા માટે રાજ્યભરમાં ફરજ બજાવતા શિક્ષકો, આશા અને આંગણવાડી કાર્યકરો સુધી અભિયાનની સચોટ જાણકારી માટે તથા તેઓ સમક્ષ આ સંદેશો પહોંચે તે હેતુથી **રાજ્યકક્ષાએ તા. ૩૦ મી જુન, ૨૦૧૮ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે બાયસેગ સેટકોમનુ આયોજન કરવામાં** આવેલ છે.

આપના જિલ્લા હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓને બાયસેગ દ્વારા પ્રસારિત થનાર કાર્યક્રમ નિહાળવા માટેની જરૂરી વ્યવસ્થા કરવા આપની કક્ષાએથી સુચના આપવાની રહેશે.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાનાઃ-
- અધિક નિયામકશ્રી, (પ.ક.)
કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી,
બ્લોક નં-૫/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર